BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4 | Accorded with CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY by UGC | Open University Category 3rd Rank nirf 2024 | Accorded with 12(B) status by UGC

# માર્ગદર્શન પુસ્તિકા

## ડીજીટલ ગુજરાત પોર્ટલ અને નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવા અંગેની માહિતી-પુસ્તિકા




# શિષ્યવૃત્તિની માહિતી

"Cultivation of mind should be the ultimate aim of human existence... Life should be great rather than long..."



भारतरत्न

Dr. Bhimrao Ramji Ambedkar

14 April 1891 - 06 December 1956

## ॥ आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ॥

**'ઉત્તમ વિચાર દરેક દિશામાંથી મને પ્રાપ્ત થાઓ'**



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના વર્ષ-૧૯૯૪માં ગુજરાત સરકાર દ્વારા ખાસ વિધેયકથી કરવામાં આવી. સ્થાપનાકાળથી આજ સુધીની અઢી દાયકાથી વધારે એવી વિકાસયાત્રાના અનેકવિધ પડાવો આવ્યા. તાજેતરમાં પ્રથમ વખત નેક એક્રેડિટેશન-મૂલ્યાંકનની કસોટીમાંથી પાર ઉતરવાનો અમે મક્કમ નિર્ધાર કર્યો. છેલ્લા ત્રણ વર્ષની એકધારી મહેનત અને પરિણામલક્ષી કામગીરીનું ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થયું. સમગ્ર દેશની સ્ટેટ ઓપન યુનિવર્સિટીમાં A++ ગ્રેડ મેળવનાર પ્રથમ યુનિવર્સિટીનું બહુમાન પ્રાપ્ત થવાની સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં પણ A++ ગ્રેડ પ્રાપ્ત કરનાર એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટીની યશકલગીનું ઉમેરણ યુનિવર્સિટી પરિવારના હર્ષમાં વધારો કરનારી ઐતિહાસિક ઘટના છે. રાજ્ય સરકાર તથા શિક્ષણ વિભાગની અભિનંદનવર્ષાની સાથે રાજ્યની દરેક યુનિવર્સિટીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની આ સિદ્ધિને બિરદાવી છે તેની આભારપૂર્વક નોંધ લઈએ છીએ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને શૈક્ષણિક કારકિર્દી સુનિશ્ચિત કરવાના આપના સંકલ્પનું અભિવાદન કરીએ છીએ. અમદાવાદ સ્થિત જ્યોતિર્મય-મુખ્ય મથક અને રાજ્યવ્યાપી અઢીસો ઉપરાંત અભ્યાસકેન્દ્રોમાં વિસ્તરેલી આપણી યુનિવર્સિટીના બહુઆયામી પ્રવૃત્તિક્ષેત્રનું કાર્યવિભાજન વિદ્યાર્થીઓની સરળતામાં અવિરત વધારો કરનારું બની રહે એવી અમારી પ્રાથમિકતા છે. સુરત, રાજકોટ, ભૂજ, ભાવનગર, પાટણ, ગોધરા જેવા પ્રાદેશિક કેન્દ્રોમાં ઉપલબ્ધ સેવાઓ, રાજ્યના દરેક ખૂણે પથરાયેલા વિદ્યાર્થીઓ સાથે સેતુ નિર્માણમાં સહાયક બને છે.

એકવીસમી સદી જ્ઞાનની સદી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના દૃષ્ટિ સંપન્ન નેતૃત્વના પરિણામ સ્વરૂપે પ્રાપ્ત થયેલી નવી શિક્ષણનીતિ-૨૦૨૦ ને લાગુ કરવાની દિશામાં આરંભથી અગ્રેસર એવી આ યુનિવર્સિટીએ રાષ્ટ્રીયકક્ષાના પરિસંવાદમાં ચિંતન-મંથન અને પ્રયોગની દિશામાં અમલીકરણ કરીને નોંધપાત્ર પ્રગતિ મેળવી છે. માતૃભાષાનું મહત્ત્વ, અસરકારક અંગ્રેજી શિક્ષણ, કૌશલ્યવર્ધન અભ્યાસક્રમો, ક્રેડિટ ટ્રાન્સફર ઉપરાંત ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાના પ્રકલ્પો આપણી સક્રિયતાના કેન્દ્રમાં છે. 'શિક્ષણ સૌને માટે' એ આપણો ધ્યેયમંત્ર છે. 'સ્વાધ્યાય પરમં તપઃ' આપણું ધ્યાનસૂત્ર છે. બંને સૂત્રોને સાર્થક પરિણામ સુધી લઈ જવાના **Team BAOU**ના સહિયારા પ્રાયસનું વિવિધ ઉપક્રમોમાં અભિવાદન થયું છે જેની નમ્રતાપૂર્વક નોંધ લઈએ છીએ. તાજેતરમાં સુરત, ભાવનગર, ભૂજ અને પાલનપુર જેવા મહત્ત્વના શહેરોમાં અભ્યાસકેન્દ્રની સ્થાપના માટે અલાયદા ભવનનિર્માણ માટે સરકારે જમીન ફાળવી એ આપણા ઉત્સાહમાં વધારો કરનારી ઘટના છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિ (**SC**), અનુસૂચિત જનજાતિ (**ST**),સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (**SEBC**)ના વિદ્યાર્થીઓને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિનો લાભ મળે તે હેતુથી યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીના ડીજીટલ ગુજરાત પોર્ટલ તથા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વિશે સંલગ્ન માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. ગુજરાતના છેવાડાનો વિદ્યાર્થી શિષ્યવૃતિનું ફોર્મ ભરી શિષ્યવૃતિ યોજનાનો મહત્તમ લાભ મેળવે તેવા પ્રયત્ન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.

મહિલા સશક્તિકરણ માટેની વિવિધ પ્રવૃત્તિઓ, ટ્રાન્સજેન્ડર માટે ઉચ્ચ શિક્ષણની તકો, જેલના કેદીઓ તથા શહીદવીરની જીવનસંગિની તેમજ તેમના સંતાનો માટે નિઃશુલ્ક શિક્ષણ, સંશોધન પુરસ્કાર-પ્રોત્સાહન અને ડે-કેર સેન્ટર તથા હેલ્થ ચેકઅપની સુવિધાથી સજ્જ મુખ્ય મથક આગામી વર્ષોમાં આપની મુલાકાતનું પ્રથમ સ્થાન બની રહે એની અમે કાળજી રાખીશું. વિદ્વાન અધ્યાપકો દ્વારા તૈયાર થયેલી અભ્યાસસામગ્રી, વિડિયો લેક્ચર્સની વિશાળ શ્રેણી અને તનાવમુક્ત શિક્ષણની દૂરવર્તી શિક્ષણ પદ્ધતિના દ્વારે આપનું સ્વાગત છે.

શુભેચ્છાઓ

ભાવપૂર્વક


પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

અમદાવાદ



# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

# અનુક્રમણિકા


**૧.** આપણી યુનિવર્સિટી

- ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના
- મુદ્રા-ધ્યાનમંત્રઃ અર્થબોધ
- યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ
- લક્ષ્યાંકિત જનસમૂહો
- સંસ્થાકીય વહીવટી માળખું
- વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

**૨.** ડીજીટલ ગુજરાત પોર્ટલમાં શિષ્યવૃત્તિ અંગેની સામાન્ય સૂચનાઓ

- શિષ્યવૃત્તિ કયા કોર્ષ અને કઈ કેટેગરીના વિદ્યાર્થીઓ મેળવી શકે ?
- વિવિધ કેટગરી માટેની શિષ્યવૃત્તિ યોજનાઓની વિગત

**૩.** ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ કેવી રીતે ભરી શકાય

- રજિટસ્ટ્રેશન
- બેંકની વિગત ભરવી
- **Academic Details** કેવી રીતે ભરવી
- શિષ્યવૃત્તિના ફોર્મ માટેના જરૂરી ડોક્યુમેન્ટ
- પ્રવેશ પુષ્ટિ પત્ર (એડમીશન કન્ફર્મેશન લેટરની માહિતી)
- માર્કશીટ માટેની માહિતી
- અભ્યાસકીય તૂટ અંગેનું સોગંદનામું (ગેપ એફીડેવીટની માહિતી)
- ઓનલાઈન શિષ્યવૃત્તિ ફોર્મની ચકાસણીની પ્રક્રિયાની વિગત.
- શિષ્યવૃત્તિ ફોર્મ મોકલવા માટેનું સરનામું
- સંબંધિત સમાજ કલ્યાણ કચેરીઓના સરનામાં
- **Digital Gujarat Portal**ના વિદ્યાર્થીઓ માટે **Helpdesk**ની વિગત

**૪.** નેશનલ સ્કૉલરશીપ પોર્ટલમાં શિષ્યવૃત્તિ અંગેની સમાન્ય સૂચનાઓ

- નેશનલ સ્કૉલરશીપ પોર્ટલમાં શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવા માટેની માહિતી.
- **Registration Details**
- **Academic Details**
- **Basic Details**
- નેશનલ સ્કૉલરશીપ પોર્ટલમાં **Fresh/ Renewal Application** માટેના સ્ટેપ
- આવકના દાખલા અંગેની માહિતી
- બેંકની વિગત
- બોનાફાઈડ સર્ટીફીકેટ બાબત
- નેશનલ સ્કૉલરશીપ પોર્ટલના વિદ્યાર્થીઓ માટે **Helpdesk**ની વિગત


**નોધઃ- ઉપરોકત માહિતી અને નિયમો ઉપરાંત તેમાં સરકારશ્રી દ્વારા વખતો-વખત કરવામાં આવતાં ફેરફારો ધ્યાને લેવાના રહેશે.**

# 1 આપણી યુનિવર્સિટી



## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ(ACT)- ‘ગુજરાત એક્ટ નં.14’ વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિ.13 એપ્રિલ 1994ના રોજ થઈ.

## મુદ્રા - ધ્યાનમંત્ર : અર્થબોધ

સ્વાધ્યાયઃ પરમં તપઃ

મુદ્રાનું વર્તુળાકાર સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્રોત-સ્વ- ઉપર છે.

સમગ્ર મુદ્રામાં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા ‘પરિવર્તનશીલતા’ અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

‘સ્વાધ્યાયઃ પરમં તપઃ’ - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

‘સ્વાધ્યાયઃ પરમં તપઃ’ - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ અને ‘જીવનપંથ ઉજાળ’-બન્ને સૂત્રોમાં એક સહિયારૂં તત્ત્વપ્રકાશ છે; જે જ્યોત દ્વારા દર્શાવાય છે. જ્યોત-તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

સ્વાધ્યાયઃ પરમં તપઃ
BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દ્વાર શિક્ષણ મેળવવા ઈચ્છુક પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લા છે. સ્થળ, સમય અને વયની મર્યાદાઓથી મુક્ત એવા આ વિદ્યાધામમાં પ્રત્યેક વ્યક્તિ શિક્ષણ મેળવી શકે છે અને 'Education for All' સૂત્રનું વાસ્તવમાં પરિપાલન થાય છે.આ સૂત્ર યુનિવર્સિટીની મુદ્રા સાથે યથાયોગ્ય સ્થાન પામ્યું છે.

## યુનિવર્સિટીના ઉદ્દેશો:

- અત્યાધુનિક સંચારમાધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ:

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ/પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો/સરકારી કોલેજો/અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસસામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમપૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- જીવંત 'ફૉન ઈન રેડિયો કાઉન્સેલિંગ' તથા 'સૅટેલાઈટ ઓપન ઍન્ડ ડિસ્ટન્સ લર્નિંગ' દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક "સ્ટેટ ઑફ ધ આર્ટ" ચૈતન્ય સ્ટુડિયો દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી "સ્વાધ્યાય રેડિયો" અને "સ્વાધ્યાય ટેલિવિઝન"નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગી માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- 10+2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે.
- વિદ્યાર્થીને અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક તથા પ્રમાણપત્ર પોતાના સરનામે મળી રહે તેવી યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## લક્ષ્યાંકિત જનસમૂહો

- ધોરણ 10+2 પાસ થયેલ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ
- યુનિવર્સિટીમાં બાહ્ય રીતે શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો સમુદાય
- પરંપરાગત યુનિવર્સિટીમાં નિયમિત કે ઍક્સટર્નલ અભ્યાસ કરતાં કરતાં સમાંતર રીતે પ્રમાણપત્ર કે ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ
- ધોરણ 12માં ઉત્તીર્ણ થઈને દૂરવર્તી પદ્ધતિથી વાણિજ્ય કે વિનયન શાખામાં ડિપ્લોમા કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ
- તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને સમયની અનુકૂળતા મુજબ અભ્યાસની વ્યવસ્થા
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે અંતરિયાળ ગ્રામવિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક.
- જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે અભ્યાસની તક

## સંસ્થાકીય વહીવટી માળખું

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના કુલાધિપતિ છે. કુલપતિશ્રી, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી અને નાણાંઅધિકારીશ્રી યુનિવર્સિટીના અધિકારીઓ છે. બોર્ડ ઑફ મૅનેજમેન્ટ, એકેડેમિક પ્લાનિંગ બોર્ડ અને નાણાં સમિતિ યુનિવર્સિટીનાં સત્તામંડળો છે. વિવિધ વિષયોની અભ્યાસ-સામગ્રીનાં આયોજન, વિકાસ અને સંશોધન માટે શૈક્ષણિક વિભાગ છે. જ્યારે પ્રવેશ, સામગ્રી વિતરણ, પ્રાદેશિક સેવાઓ અને મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સેવા-વિભાગ કાર્યરત છે.

## વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠયક્રમના અભ્યાસમાં ઉદ્‌ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલા અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય સેવાઓ અંતર્ગત સંબંધિત પ્રાદેશિક વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## યુનિવર્સિટીના સેલ અને સમિતિઓ

- **Anti Ragging Cell**
- **SC-ST Cell**
- **Department Grievance Redressal Cell (DGRC)**
- **Training and Placement Cell**
- **University Grievance Redressal Cells (UGRC)**
- **Institutional Grievance Redressal Cell (IGRC)**

# ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવા અંગેની માહિતી-પુસ્તિકા

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના શિષ્યવૃત્તિ વિભાગ દ્વારા BAOUના વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી વિવિધ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મળતી શિષ્યવૃત્તિ અંગે આ પુસ્તિકામાં માહિતી, માર્ગદર્શન અને અગત્યની બાબતો વિશે સરળતાથી જાણકારી મળી રહે તેવી બાબતો દર્શાવવામાં આવેલ છે. આ માહિતી-પુસ્તિકાના પ્રથમ ભાગમાં ડીજીટલ ગુજરાતના પોર્ટલ વિશે માહિતી આપવામાં આવેલ છે અને બીજા ભાગમાં નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વિશે માહિતી આપવામાં આવેલ છે.

આશા રાખીએ કે, ઉપર જણાવેલ બંને પોર્ટલ વિશેની માહિતી આપને શિષ્યવૃત્તિ ફોર્મ ભરવામાં અને શિષ્યવૃત્તિ મેળવવામાં ઉપયોગી બની રહેશે.

નમસ્તે,

વ્હાલા વિદ્યાર્થી મિત્રો, આપને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો જેવા કે, B.A., B.COM., M.A., M.COM અભ્યાસક્રમો અને P.G.ના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યા બાદ પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે કેવી રીતે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવુ તે અંગેની ઉપયોગી માહિતી આપવાનો પ્રયાસ આ માહિતી-પુસ્તિકામાં કરવામાં આવેલ છે.

આભાર સહ,

## ૨. ડીજીટલ ગુજરાત પોર્ટલમાં શિષ્યવૃત્તિ અંગેની સામાન્ય સૂચનાઓ

### વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)

▶ **શિષ્યવૃત્તિ કયા અભ્યાસક્રમમાં મળે ?**

- ગ્રેજ્યુએટ, માસ્ટર, ડીપ્લોમા, તેમજ P.G. ના કોર્ષ(અભ્યાસક્રમ), SP.B.Ed. Ph.d. કક્ષાના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ મળે છે.

▶ **સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ મળે ?**

- ના, શિષ્યવૃત્તિ સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમમાં ન મળે.

▶ **શિષ્યવૃત્તિ કઈ કેટેગરીના વિદ્યાર્થીઓને મળે ?**

- શિષ્યવૃત્તિ SC, ST, SEBC, Disable, Minority કેટેગરીના વિદ્યાર્થીઓને મળી શકે છે.

▶ **વિદ્યાર્થીની કેટેગરી મુજબ કઈ-કઈ યોજનામાં ફોર્મ ભરી શકાય ?**

- નીચેના કોષ્ટકમાં દર્શાવેલ યોજનાનો અભ્યાસ કરી પોતાને લાગુ પડતી યોજનામાં વિદ્યાર્થીએ ફોર્મ ભરવું.

Digital Gujarat www.digitalgujarat.gov.in

| ક્રમ નં | ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ચાલતી યોજના (ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી) | |
|---|---|---|
| | અનુસુચિતજાતિ (SC) | |
| ૧ | (BCK – ૬.૧) પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ અનુસુચિતજાતિના વિદ્યાર્થીઓ માટે (ભારત સરકારની યોજના) | ફી ભરેલ વિદ્યાર્થી |
| ૨ | (BCK-૫) પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ અનુસુચિતજાતિની કુટુંબની વધુ આવક ધરાવતી બહેનો (કુટુંબની વાર્ષિક આવક ૨.૫૦લાખ થી ૬ લાખ) (ગુજરાત સરકારની યોજના) | વધુ આવક ધરાવતી વિદ્યાર્થીનીઓ |
| 3 | (BCK – ૧૧) અનુસુચિતજાતિ એમ.ફીલ., પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓને મહાનિબંધ માટે સહાય | એમ.ફીલ. પી.એચ.ડી.ના વિદ્યાર્થી |

| | અનુસુચિત જનજાતિ (ST) | |
|---|---|---|
| ૧ | એસ.ટી. વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે છત્ર યોજના | ફી ભરેલ વિદ્યાર્થી |
| ૨ | વીકેવાય-૧૫૬ વાર્ષિક ૨.૫૦ થી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ માટેની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ | વધુ આવક ધરાવતાં વિદ્યાર્થીનીઓ |

| | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) |
|---|---|
| ૧ | બીસીકે-૮૧ સી ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ (સા.શૈ.પ.વ.) |

▶ **શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે શું કરવું ?**

- **શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે આપે ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું.**

▶ **ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ક્યારે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાનું હોય છે ?**

- **આપ જયારે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવો, આપનો પ્રવેશ કન્ફર્મ થઇ જાય ત્યારબાદ શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું.**

▶ **ડીજીટલ ગુજરાત પોર્ટલ ક્યારે ખુલે છે ?**

- **તે માટે આપે www.digitalgujarat.gov.in ની વેબસાઈટ ચેક કરતાં રહેવું / આપના અભ્યાસકેન્દ્રની મુલાકાત લેવી.**

## 3. ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ કેવી રીતે ભરી શકાય

▶ **ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિનું ફોર્મ કેવી-રીતે ભરવું ?**

- **ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવા માટે સૌપ્રથમ આપે**




- **સ્ટેપ-1 www.digitalgujarat.gov.in ની વેબસાઈટ પર લોગીન કરવું.**
- **સ્ટેપ-2 વેબસાઈટ ઓપન કરીને રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવી.**
- **સ્ટેપ-3 લોગીન આઈ.ડી. પાસવર્ડ બનાવો. (તે લોગીન આઈ.ડી., પાસવર્ડ સાચવવો)**
- **સ્ટેપ-4 રજિસ્ટ્રેશન પ્રક્રિયા બાદ વિદ્યાર્થીને લાગુ પડતી કેટેગરી મુજબ યોજના પસંદ કરી, ઓનલાઈન ખૂલેલ ફોર્મમાં કાળજીપૂર્વક વિગતો ભરવી.**

**રેશનકાર્ડ અંગેની માહિતી:-**

**ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓ જેમકે, શાળા, કોલેજ,યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વર્ષ-2024-25થી શિષ્યવૃત્તિફોર્મ ભરવાની વિગતોમાં રેશનકાર્ડ E-KYC અંગેની તેની વિગત દર્શાવવાની બાબત ઉમેરવામાં આવેલ છે. જે બાબત વિદ્યાર્થીએ અવશ્ય ધ્યાન પર લઈ તેનું રેશનકાર્ડ E-KYC અપડેટ કરાવી લઈ શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે તે વિગત દર્શાવવાની રહેશે.**

➢ વર્ષ-૨૦૨૪-૨૫ના પોર્ટલમાં રેશનકાર્ડનું EKYC કર્યા બાદ તેની વિગત ફરજીયાત ભરવાની છે.


☑ I voluntarily give my consent to use my Ration Card details.

**Detail from Ration Card Data**

Ration Card No :-    Ration Card Member No :-

Member Name As Per Ration Data (Eng) :-

Member Name As Per Ration Data (Guj) :-

Aadhar KYC Status :- **Yes**    Aadhar KYC Date :- 2023-11-25T15:05:36.387

Aadhar KYC Source :- BIOMETRIC

Aadhar matched or not with Ration Data :- **Yes**

☑ Therefore, I Student certify that, Above data obtained from the ration card database belongs to me, whose entry is being made. It does not belong to any persons.

- **ઓનલાઈન શિષ્યવૃત્તિનું ફોર્મ ભરતી વખતે નીચે દર્શાવ્યા પ્રમાણેની બાબતો ધ્યાનમાં લેવી.**
- **વિદ્યાર્થી :- SC કેટેગરીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે Household category કયા વિકલ્પની પસંદગી કરવી ?**
- **જ :- SC કેટેગરીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે Household categoryમાં પાંચમા નંબરનો વિકલ્પ Student who passed 10th Standard from a state Government/Municipality/Local Body School, Student from SC households where one or both the parents are illiterate પસંદ કરવો.**


Day Scholar/Hosteler*
Day Scholar
Hostel Type*
Select
Habitation Type*
Urban
Select
Rural
Urban
Household Category*
Not Applicable
1. Student who passed 10th standard from a state Government/Municipality/Local Body School
2. Student from SC households with three or more deprivations as per SECC-2011
3. Student from SC households where one or both the parents are illiterate
4. Student who passed 10th Standard from a state Government/Municipality/Local Body School, Student from SC households with three or more deprivations as per SECC-2011
5. Student who passed 10th Standard from a state Government/Municipality/Local Body School, Student from SC households where one or both the parents are illiterate
6. Student from SC households with three or more deprivations as per SECC-2011, Student from SC households where one or both the parents are illiterate

- **વિદ્યાર્થી :- Digital Gujarat Portal પર સંસ્થાની વિગત કેવી રીતે ભરવી સેન્ટરની કે યુનિવર્સિટીની ?**
- **જ :- Digital Gujarat Portal પર સંસ્થાની વિગતમાં યુનિવર્સિટીની વિગત નીચે પ્રમાણે ભરવી.**
- **Institute District :- Ahmedabad, Present Institute :- Dr. Babasaheb Ambedkar Open University, Institute Type :- Correspondence ( Distance and Continuing)**




**નોંધ;* અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કેટેગરીના વિદ્યાર્થીઓએ Correspondence (Distance and Continuing) વિકલ્પ પસંદ કરવો.જયારે વિચરતી અને વિમુક્ત કેટેગરીના વિદ્યાર્થીઓએ Regular Seat(Government Quota) વિકલ્પ પસંદ કરવો.**

- **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં પ્રવેશ ફી કેટલી દર્શાવવી ?**
- **જ :- વિદ્યાર્થીએ જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તેની પ્રવેશ ફી (પ્રવેશ ફીની રસીદ) મુજબ દર્શાવવી. ટ્યુશન ફીના ખાનામાં આપે ભરેલ ફી દર્શાવવી ઉ.દા.1800/- બાકીના ખાનામાં જેમકે, Admission Fees, Misc.Fee, Exam Fee માં 0 (શૂન્ય) દર્શાવવું.**




- **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં Enrollment Number દર્શાવવો કે નહીં ?**
- **જ :- વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ ફોર્મમાં Enrollment Number ફરજિયાત દર્શાવવો.**
- **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં મોબાઈલ નંબર કોનો દર્શાવવો ?**
- **જ :- વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ ફોર્મમાં પોતાનો ચાલુ હોય તેવો મોબાઈલ નંબર ફરજિયાત દર્શાવવો.**

- ▶ **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં ઈ-મેઈલ આઈ.ડી કોનું દર્શાવવું ?**
- **જ :- વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ ફોર્મમાં પોતાનું ચાલુ હોય તેવું ઈ-મેઈલ આઈ.ડી ફરજિયાત દર્શાવવું.**
- ▶ **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં ડોક્યુમેન્ટ કેવી રીતે અપલોડ કરવા ?**
- **જ :- વિદ્યાર્થીએ જરૂરી તમામ ડોક્યુમેન્ટ સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે યોગ્ય સાઈઝમાં તેમજ યોગ્ય જગ્યાએ અપલોડ કરવા.**

▶ **શિષ્યવૃત્તિના ફોર્મમાં કયા-કયા ડોક્યુમેન્ટ અપલોડ કરવા ?**

- **શિષ્યવૃત્તિના ફોર્મમાં નીચે પ્રમાણેના ડોક્યુમેન્ટ અપલોડ કરવા.**
- **જાતિનો દાખલો**
- **બેંક ખાતાની પાસબુકનું ખાતાની વિગતો વાળું પહેલું પાનુ સ્પષ્ટ વંચાય તે રીતે**
- **યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ અભ્યાસક્રમની ફી ભર્યાની પહોંચ**
- **આવકનો દાખલો**
- **ધોરણ-10, 12, ગ્રેજ્યુએટ, ઉત્તીર્ણ થયાની માર્કશીટ**
- **સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ**
- **આધાર-કાર્ડ ફરજિયાત**
- **યુનિવર્સિટી દ્વારા મળેલ ઓળખપત્ર (I-Card)**
- **એડમીશનનો કન્ફર્મેશન પત્ર. (યુનિવર્સિટીના પ્રવેશ વિભાગમાંથી / વેબસાઈટ પરથી મેળવવો)**
- **અભ્યાસ અધૂરો રહ્યો હોય કે છૂટી ગયો હોય તે સમયગાળા (ગેપ) અંગેનું સોગંદનામું (એફિડેવિટ).**



☐ * Caste Certificate From the Competent Authorities
Certificate No: [ ] Browse Upload

☐ * First Page Of Bank PassBook/Cancelled Cheque
Account No: [ ] Browse Upload

☐ * Fee Receipt of Current Course Year
Receipt No: [ ] Browse Upload

☐ * Self Attested Certificate of Previous academic marksheet
Seat No: [ ] Browse Upload

☐ * Income Certificate (Competent Authority)(Form no.16 required For Govt. Employee)
Certificate No: [ ] Browse Upload

☐ * School Leaving Certificate (If Any)
Certificate No: [ ] Browse Upload

☐ School/College Current Year Bonafide Certificate
Certificate No: [ ] Browse Upload

☐ Disability Certificate(Required only for Disable Person)
Certificate No: [ ] Browse Upload

☐ Identity Card (College/School)
ID Number [ ] Browse Upload

◆ **બેંકની વિગત અંગેની માહિતી**

▶ **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં બેંક ખાતાની વિગત કેવી રીતે દર્શાવવી ?**

- **જ :- શિષ્યવૃત્તિ ફોર્મમાં વિદ્યાર્થીના બેંક ખાતાની અને આધાર સાથે લીંક હોય તેવા બેંક ખાતાની વિગત દર્શાવવી. આધાર-કાર્ડ માટે આપે આપની બેંકમાં રૂબરૂ સંપર્ક કરી નીચે મુજબની પ્રક્રિયા કરાવવી.**
- **NPCI મેપરમાં આધાર નંબર સીડ કરવા માટે બેંકો કઈ પ્રક્રિયાને અનુસરે છે ?**
  - **બેંક અધિકારીઓ પહેલાં ગ્રાહક દ્વારા સબમીટ કરેલા દસ્તાવેજોની ચકાસણી કરે છે, પૂર્ણ દસ્તાવેજો મેળવ્યા પછી જ તેઓ આગળની પ્રક્રિયા માટે આગળ વધશે.**

    **Seeding પૂર્ણ કરવા માટે બેંકોએ નીચેના બે પગલાં ભરવા પડશે.**
  - **(a) આધાર નંબરને કોર બેંકીગ અને અન્ય આંતરિક સિસ્ટમમાં ગ્રાહક ખાતા સાથે લીંક કરો.**
  - **(b) NPCI મેપરમાં આધાર નંબર અપલોડ કરવો.**

    **જો પગલું b પૂર્ણ ન થાય તો આધાર નંબર NPCI મેપરમાં પ્રતિબિંબિત થશે નહિ. (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર ) ની પ્રક્રિયા કરાવવી. જેથી શિષ્યવૃત્તિની રકમ સરળતાથી આપના બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ શકે.**

**નોંધ;* આધાર કાર્ડ અંગેની ઉપરોક્ત દર્શાવેલ પ્રક્રિયા આપના દ્વારા પૂર્ણ કરવામાં નહીં આવે તો શિષ્યવૃત્તિની રકમ આપના બેંક ખાતામાં જમા થશે નહીં જેની સંપૂર્ણ જવાબદારી આપની પોતાની રહેશે જે ધ્યાનમાં રાખશો.**

**આમ ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ બેંકની વિગત ભરવી.**


Registration Detail (Done) | Bank Details (Done) | Academic Details (Pending) | Disablity Detail (Pending) | Attachment (Pending)

Bank Details

Note:- Aadhaar Linking status is fetched from NPCI Server

☑ I voluntarily give my consent to use my Aadhaar details.

Aadhar Number* [ ] Check Status of Bank & Aadhaar linking

NPCI service will take more than 1 minute . Please do not refresh page

NPCI Details

| | |
|---|---|
| Bank Linked with Aadhar Last Updated Date :- | 04-10-2018 |
| NPCI Remarks :- | Aadhaar number - Bank account linked. Dated: 04-10-2018 |

◆ **આવકના દાખલા અંગેની માહિતી**

▶ **વિદ્યાર્થી :- આવકનો દાખલો કોનો મૂકવો ?**

- **જ :- આવકનો દાખલો પિતાના નામનો, સક્ષમ અધિકારીશ્રી(મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારી/તલાટી કમ મંત્રીશ્રીનો/નગર પાલિકાના પ્રમુખશ્રી)ના સહી-સિક્કાવાળો મૂકવો.**

▶ **વિદ્યાર્થી :- જો પિતા હયાત ન હોય તો કોના નામનો આવકનો દાખલો મૂકવો?**

- **જ :- જો પિતા હયાત ન હોય તો માતાના નામનો આવકનો દાખલો મૂકવો. તેમજ પિતાના મરણનું પ્રમાણપત્ર મૂકવું.**

▶ **વિદ્યાર્થી :- જો પિતા ગુમ થયેલ હોય તો શું કરવું ?**

- **જ :- જો પિતા ગુમ થયેલ હોય તો વિદ્યાર્થીએ માતાનો આવકનો દાખલો મૂકવો. તેમજ પોલીસ સ્ટેશનની ફરિયાદ નોંધણી કરેલ રીપોર્ટની કોપી અપલોડ કરી મૂકવી.**

- ▶ વિદ્યાર્થી :- જો પિતા નિવૃત્ત હોય તો શું કરવું ?
  - જ :- જો પિતા નિવૃત્ત હોય તો પેન્શન સ્લીપ મૂકવી.
- ▶ વિદ્યાર્થી :- જો પિતા અશક્ત હોય અને વિદ્યાર્થી પોતે રોજગારી મેળવતા હોય તો શું કરવું ?
  - જ :- જો પિતા અશક્ત હોય અને વિદ્યાર્થી પોતે કમાતો હોય તો તેણે પોતાના નામનો આવકનો દાખલો મૂકવો તેની સાથે પોતાના નામનું અલગ કઢાવેલ રેશનકાર્ડ મૂકવું.
- ▶ વિદ્યાર્થી :- હું બહેન/સ્ત્રી છું. મારા લગ્ન થયેલ છે. તો મારે કોના નામનો આવકનો દાખલો મૂકવો ?
  - જ :- જો વિદ્યાર્થી બહેન હોય અને લગ્ન થયેલ હોય તો આવકનો દાખલો પતિ/સસરાના નામનો મૂકવો તેમજ સાથે લગ્નનું પ્રમાણપત્ર મૂકવું.
- ▶ વિદ્યાર્થી :- જો પિતા સરકારી/પ્રાઈવેટ નોકરી કરતા હોય અને આવક વધુ હોય તો શું કરવું ?
  - જ :- જો વિદ્યાર્થીના પિતા સરકારી નોકરી કરતા હોય તો ફોર્મ નં-16(PART-B) અને પ્રાઈવેટ નોકરી કરતા હોય, પરંતુ વધુ આવક હોય તો ફોર્મ નં-16(PART-A & PART-B)ના તમામ પાના અપલોડ કરી મુકવા.
- ▶ વિદ્યાર્થી :- કેટલી આવક મર્યાદા સુધી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરી શકાય ?
  - જ :- વિદ્યાર્થીને લાગુ પડતી યોજનાનો અભ્યાસ Digital Gujarat portal પર કરી સબંધિત કેટેગરી પ્રમાણે પોતાની આવક મર્યાદા જાણી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું.
- ▶ વિદ્યાર્થી :- આવકના દાખલાની સમયમર્યાદા કેટલા વર્ષની છે.
  - જ :- આવકના દાખલામાં જે-તે નાણાકીય વર્ષ દર્શાવેલ સમયગાળા(વર્ષ) સુધી માન્ય ગણાશે.
- ▶ વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિ ફોર્મમાં આવકની રકમ કેવી રીતે દર્શાવવી ?
  - જ :- વિદ્યાર્થીએ આવકના પ્રમાણપત્રમાં જે રકમ દર્શાવેલ હોય તેટલી જ રકમ શિષ્યવૃત્તિ ફોર્મમાં દર્શાવવી તેમાં તફાવત હોવો જોઈએ નહીં.
- ▶ વિદ્યાર્થી :- મારી અને પિતાની અટકમાં તફાવત હોય અથવા મારી અટક બદલેલ હોય તો શું કરવું?
  - જ :- જો વિદ્યાર્થીએ અટક બદલેલ હોય તો તે અંગેનું ગેઝેટ મૂકવું અને જો વિદ્યાર્થીની અટક અને પિતાની અટક અલગ હોય તો તે અંગેનું એફિડેવિટ મૂકવું.

### ◆ માર્કશીટ અંગેની માહિતી

- ▶ વિદ્યાર્થી :- જો મે ધો-૧૦ પછી બે વર્ષનો ITIનો કોર્ષ કરેલ હોય તો કઈ માર્કશીટ મૂકવી ?
  - જ :- જો વિદ્યાર્થીએ ધો-૧૦ પછી બે વર્ષનો ITIનો કોર્ષ કરેલ હોય તો ITIની માર્કશીટ તેમજ Equivalent સર્ટિફિકેટ ફરજિયાત અપલોડ કરવું.
- ▶ વિદ્યાર્થી :- જો મે (SY BA/TY BA/SY BCOM/TY BCOM/MA-2) માં પ્રવેશ મેળવ્યો હોય તો કઈ માર્કશીટ અપલોડ કરવી.
  - જ :- જો વિદ્યાર્થીએ (SY BA/TY BA/SY BCOM/TY BCOM/MA-2 ) માં પ્રવેશ મેળવ્યો હોય તો તેણે (FY BA/SY BA/FY BCOM/SY BCOM/MA-1) નું પરિણામ ( ઓવરઓલ સ્ટેટમેન્ટ) પોતાના અભ્યાસકેન્દ્રના સહી-સિક્કા કરાવી અપલોડ કરવી.
- ▶ વિદ્યાર્થી :- મે B.ed. કરેલ છે. હાલમાં મે ડીપ્લોમાંના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ છે. તો મારે કઈ માર્કશીટ અપલોડ કરવી?
  - જ :- વિદ્યાર્થી ભલે ડીપ્લોમાના કોર્ષમાં પ્રવેશ મેળવે છે, પરતું પોતે શિષ્યવૃત્તિના ફોર્મમાં ધોરણ-10,12, છેલ્લે જે અભ્યાસ કરેલ હોય તેની માર્કશીટ અપલોડ કરવી.

### ◆ એડમીશન કન્ફર્મેશન પત્રની માહિતી

▶ **વિદ્યાર્થી :- આઈ.ડી પ્રૂફ કયું અપલોડ કરવું?**

- જ :- વિદ્યાર્થીએ આધારકાર્ડની સાથે યુનિવર્સિટીનું Identity Card(ફોટાવાળું),Admission Confirmation Letter / Bonafide Certificate ફરજિયાત અપલોડ કરવું .

▶ **વિદ્યાર્થી :- Admission Confirmation Letter / Bonafide Certificate ક્યાંથી મેળવવું ?**

- જ. વિદ્યાર્થીએ Admission Confirmation Letter યુનિવર્સિટીની વેબસાઈટ પરથી તેમજ Bonafide Certificate યુનિવર્સિટીના પ્રવેશ વિભાગમાંથી મેળવવું.

▶ **વિદ્યાર્થી :- આઈકાર્ડ, એડમીશન કન્ફર્મેશન પત્ર ક્યાં અપલોડ કરવાનો ?**

- જ :- આઈકાર્ડ, એડમીશનનો કન્ફર્મેશન પત્ર, આધારકાર્ડ, બધાની એક જ PDF બનાવી, આઈકાર્ડના ઓપ્શનમાં અપલોડ કરવું. (એડમીશનનો કન્ફર્મેશન પત્ર આપને પ્રવેશ મળ્યા બાદ યુનિવર્સિટી વેબસાઈટ પર મુકવામાં આવે છે. તેને ડાઉનલોડ કરવો, જો યુનિવર્સિટીની વેબસાઈટ પર ન મળે તો યુનિવર્સિટીના પ્રવેશ વિભાગનો સંપર્ક કરવો, જો કન્ફર્મેશન પત્ર ના મળે તો તેના બદલે બોનાફાઈડ સર્ટિફિકેટ મેળવી લેવું, તે અપલોડ કરવું.

### ◆ ગેપ એફિડેવિટની માહિતી

▶ **વિદ્યાર્થી :- જો અભ્યાસમાં ગેપ પડેલ હોય તો શું કરવું?**

- જ :- જો અભ્યાસમાં એક વર્ષ કે તેથી વધુ વર્ષનો ગેપ પડેલ હોય તો જેટલા વર્ષનો ગેપ પડેલ હોય તે અંગેનું એફિડેવિટ મોકલવું. તેમજ ગેપ એફિડેવિટમાં જે છેલ્લે પાસ કરેલ હોય તે માર્કશીટની વિગત દર્શાવીને અપલોડ કરવી.

▶ **વિદ્યાર્થી :- Draft Form એટલે કેવું ફોર્મ ?**

- જ :- Draft Form એટલે શિષ્યવૃત્તિ ફોર્મ પર Watermark દ્વારા DRAFT લખેલું હોય તેવું ફોર્મ. આવું ફોર્મ હાર્ડ કોપીમાં મોકલવું નહી. જ્યારે Final Submit ન આપ્યું હોય ત્યારે DRAFT બને છે. આવું ફોર્મ માન્ય રખાશે નહી. આથી Final Submit આપ્યા બાદ જ શિષ્યવૃત્તિ ફોર્મની પ્રિન્ટ આપવી.


GOVERNMENT OF GUJARAT

Student Basic Details

DRAFT

- ▶ **વિદ્યાર્થી :- ઓનલાઈન શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ શું કરવું?**
  - **જ :- ઓનલાઈન શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ SAVE કરવું, ત્યારબાદ ફાઈનલ સબમીટ આપવું. જેમાં આપના મોબાઈલનં. પર OTP આવે તે નંબર લખવો અને ફાઈનલ સબમીટ આપવું.**
- ▶ **વિદ્યાર્થી :- Online શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ ફોર્મ હાર્ડ કોપીમાં મોકલવું કે નહી ?**
  - **જ :- વિદ્યાર્થીએ Online શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ શિષ્યવૃત્તિના ફોર્મની પ્રિન્ટ તેમજ અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ હાર્ડ કોપીમાં સરકારશ્રી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં ફરજિયાત યુનિવર્સિટીના સરનામે ટપાલ/રૂબરૂમાં મોકલવું. જો ટપાલથી મોકલો તો કવર પર શિષ્યવૃત્તિ વિભાગ અચૂક લખવું.**

**સરનામુ :- પ્રતિ,**

**શિષ્યવૃત્તિ વિભાગ,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**“જ્યોતિર્મય પરિસર”, સરખેજ-ગાંધીનગર હાઈ-વે,**
**છારોડી, અમદાવાદ.- 382481.**

- ▶ **વિદ્યાર્થી :- શિષ્યવૃત્તિના ફોર્મમાં અભ્યાસકેન્દ્રના સહી-સિક્કા કરાવવાના હોય છે ?**
  - **જ :- ના, શિષ્યવૃત્તિના ફોર્મમાં આપના અભ્યાસકેન્દ્રના સહી-સિક્કા કરાવવાના હોતા નથી.**

નમસ્તે

વહાલા વિદ્યાર્થી મિત્રો, આજે આપને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન શિષ્યવૃત્તિનું ફોર્મ ભર્યા બાદ તેની ચકાસણીની પ્રક્રિયા અંગેની સંપૂર્ણ માહિતી આપવાનો પ્રયાસ આ માહિતી-પુસ્તિકામાં કરવામાં આવેલ છે.

◆ **ઓનલાઈન શિષ્યવૃત્તિના ફોર્મની ચકાસણીની પ્રક્રિયાની વિગત**

▶ **વિદ્યાર્થી :- ઓનલાઈન શિષ્યવૃત્તિના ફોર્મની ચકાસણી કેવી રીતે કરવામાં આવે છે ?**

- જ :-વિદ્યાર્થી દ્વારા ભરાયેલ શિષ્યવૃત્તિનું ફોર્મ, સૌપ્રથમ ડીજીટલ ગુજરાત પોર્ટલના સર્વરમાં જાય છે. ત્યાંથી ચકાસણી થયા બાદ યુનિવર્સિટીના લોગીન આઈ.ડી.માં આવે છે. આપનું શિષ્યવૃતિનું ફોર્મ અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ સાથે યુનિવર્સિટીના શિષ્યવૃત્તિ વિભાગમાં મળ્યા બાદ ડીજીટલ ગુજરાત પોર્ટલની ગાઈડ-લાઈન મુજબ ચકાસણી કરવામાં આવે છે.

▶ **વિદ્યાર્થી :- મારા શિષ્યવૃત્તિના ફોર્મમાં કોઈ ક્વૅરી છે કે બરાબર છે તે કેવી-રીતે ખબર પડે ?**

- જ. :- આપે યુનિવર્સિટીમાં ફોર્મ મોકલ્યાના 60 દિવસ બાદ આપે આપનું ડીજીટલ ગુજરાત પોર્ટલ આપના દ્વારા બનાવેલ લોગીન આઈ.ડી. પાસવર્ડ નંબર નાંખીને ખોલવું, જો તેમાં Principal Pending બતાવે તો સમજવું કે યુનિવર્સિટીમાં પેન્ડીગ છે. જો નિયમોનુસાર બરાબર હશે તો તેમાં Office Level Pendig બતાવશે તો સમજવું કે, યુનિવર્સિટી દ્વારા ચકાસણી કરીને સરકારશ્રીની સબંધિત કચેરીને મોકલી આપેલ છે. જો કોઈ ક્વૅરી હશે તો તેમાં લખેલ હશે, ઉ.દા. આઈકાર્ડ, આધારકાર્ડ અપલોડ કરવું વગેરે.

▶ **વિદ્યાર્થી :- મારું શિષ્યવૃત્તિનું ફોર્મ ઓનલાઈન રીટર્ન કરેલ છે. તો ક્વૅરી કેવી-રીતે સોલ્વ કરવી?**

- જ. :- શિષ્યવૃત્તિના ફોર્મમાં ક્વૅરી આવેલ છે. તે સોલ્વ કરવા, તેમજ શું ક્વૅરી આવેલ છે તે જોવા માટે તમારે નીચે પ્રમાણેના સ્ટેપ અનુસરવા.
    - સ્ટેપ-1. www.digitalgujarat.gov.in ની વેબસાઈટ ખોલવી,
    - સ્ટેપ-2. તમારા પોતાના લોગીન આઈ.ડી., પાસવર્ડ નંબર નાંખીને લોગીન કરવું.
    - સ્ટેપ-3. પોર્ટલમાં તમારે SERVICE મેનુ પસંદ કરવું.
    - સ્ટેપ-4. SERVICE મેનુમાં ક્લીક કરવું. તેમાંથી Scholarship Service પસંદ કરવું.
    - સ્ટેપ-5. Financial Yearમાં જવું. જે વર્ષનું શિષ્યવૃત્તિનું ફોર્મ ભરેલ હોય તે વર્ષ પસંદ કરવું.
    - સ્ટેપ-6. ત્યારબાદ બાજુમાં આવેલ Show બટન પર ક્લીક કરવું.
    - સ્ટેપ-7. તમારું શિષ્યવૃત્તિનું ફોર્મ ખુલશે, તેમાં EDITના ઓપ્શન પર ક્લીક કરી, જે ક્વૅરીમાં લખેલ હોય, તે પ્રમાણેના ડોક્યુમેન્ટ અપલોડ કરવા.
    - સ્ટેપ-8. ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ Save as Draftના ચેક બોક્ષમાં ટીક કરવી.
    - સ્ટેપ-9. ત્યારબાદ Verify Mobile Numberમાં ક્લીક કરવું. જેથી મોબાઈલ નં. પર OTP આવે તે નાંખવો.
    - સ્ટેપ-10. ત્યારબાદ Confirm , Final Submit આપવું.
    - સ્ટેપ-11. Print પર ક્લીક કરીને પ્રિન્ટ કાઢવી.

▶ **વિદ્યાર્થી :- મારી ક્વૅરી સોલ્વ કરવા માટે મારા ડીજીટલ ગુજરાતના પોર્ટલમાં EDIT, CLOSE બંને ઓપ્શન બતાવે છે ? તો મારે કયા ઓપ્શનમાં જવું ?**

- જ. :- આપે આપનું ડીજીટલ ગુજરાત પોર્ટલ આપના દ્વારા બનાવેલ લોગીન આઈ.ડી. પાસવર્ડ નંબર નાંખીને ખોલવું, ત્યારબાદ ખૂબજ કાળજીપૂર્વક ડોક્યુમેન્ટ અપલોડ કરવા તે માટે આપે સ્ટેપ-1 EDITના ઓપ્શન પર ક્લીક કરવું. સરતચૂકથી જો Closeના ઓપ્શન પર ક્લીક થઈ ગયું તો આપનું શિષ્યવૃત્તિનું ફોર્મ Close થઈ જશે. અને આપ ક્વેરી સોલ્વ કરી શકશો નહી.

▶ વિદ્યાર્થી :- મારા શિષ્યવૃત્તિના ફોર્મમાં સરતચૂકથી CLOSE થઈ ગયેલ છે ? તો મારે શું કરવું ?

- જ :- જો આપનાથી સરતચૂકથી CLOSEના ઓપ્શન પર ક્લીક થઈ ગયેલ હોય, ડીજીટલ ગુજરાત પોર્ટલની નિયત સમય-મર્યાદામાં પુનઃ ફોર્મ ભરવું.( તે જ સમય ગાળામાં ડીજીટલ ગુજરાત પોર્ટલ ચાલુ હોયતો આપે પુનઃ શિષ્યવૃત્તિનું નવું ફોર્મ ભરવું.) / સરકાર દ્વારા તે જ વર્ષનું પુનઃ પોર્ટલ ખોલે તો તે નિયત સમય-મર્યાદામાં પુનઃફોર્મ ભરી શકો છો.

▶ વિદ્યાર્થી :- મારુ શિષ્યવૃત્તિનું ફોર્મ ઓનલાઈન ક્વેરી સાથે રીટર્ન આવેલ છે. તો તે ક્વેરી કેટલા દિવસમાં મારે સોલ્વ કરવાની રહેશે?

- જ :- આપે નિયમ મુજબ-36 દિવસની અંદર આપે કવેરી સોલ્વ કરવાની હોય છે. જેટલી જલદી ક્વેરી સોલ્વ કરો, તેટલું જલદી આપના ફોર્મની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થાય. અને આપને શિષ્યવૃત્તિ મળી શકે. જેટલી મોડી ક્વેરી સોલ્વ કરો તેટલી મોડી શિષ્યવૃત્તિ મળે.

▶ વિદ્યાર્થી :- મારે ક્વેરી સોલ્વ કર્યા બાદ ફરીથી અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ અને ફોર્મ યુનિવર્સિટીમાં મોકલવાનું હોય છે?

- જ :- હા, આપે ફરીથી ફોર્મ, અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ યુનિવર્સિટીના સરનામે મોકલવાના હોય છે. આપનું ફોર્મ પુનઃ મળ્યા બાદ જ ચકાસણીની કામગીરી કરવામાં આવે છે.

▶ વિદ્યાર્થી :- મારું શિષ્યવૃત્તિનું ફોર્મ યુનિવર્સિટી દ્વારા ચકાસણી કરીને સરકારશ્રીની સંબંધિત કચેરીને મોકલી આપેલ છે. તે કેવી-રીતે ખબર પડે?

- જ :- આપના ડીજીટલ ગુજરાત પોર્ટલમાં Office Level Pending(સરકારશ્રીની સંબંધિત કચેરી) બતાવે તો સમજવું કે યુનિવર્સિટી દ્વારા ચકાસણી કરીને સરકારશ્રીની સંબંધિત કચેરીને મોકલી આપેલ છે.

▶ વિદ્યાર્થી :- સરકારશ્રીની સંબંધિત કચેરી દ્વારા મારું શિષ્યવૃત્તિનું ફોર્મ ચકાસણી થઈ ગયેલ છે. તે કેવી રીતે ખબર પડે?

- જ :- આપના ડીજીટલ ગુજરાત પોર્ટલમાં APPROVED BY AUTHORITY બતાવે તો, સમજવું કે, કચેરી દ્વારા ચકાસણી

▶ વિદ્યાર્થી :- મારી શિષ્યવૃત્તિની રકમ ક્યારે, કોણ, કેવી રીતે જમા કરવામાં આવે છે?

- જ :- આપની શિષ્યવૃત્તિની રકમ સરકારશ્રીની સબંધિત કચેરી દ્વારા એપ્રુવ થયા બાદ, સરકાર દ્વારા ગ્રાન્ટ મળ્યેથી કચેરી દ્વારા આપના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવે છે. આધાર-કાર્ડ જોડે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની રકમ જમા કરવામાં આવે છે. તે માટે આપે ફરજિયાત (NPCI-મેપર, DBT Enable આપની સંબંધિત બેંકમાં આપના દ્વારા) કરાવવાનું રહેશે.

▶ વિદ્યાર્થી :- મારી શિષ્યવૃત્તિની રકમ મારા બેંક ખાતામાં જમા થઈ નથી. તો તેની માહિતી મેળવવા મારે ક્યાં જવાનું? ક્યાંથી માહિતી મેળવવાની?

- જ :- આપની શિષ્યવૃત્તિની રકમ આપના સમાજની સરકારશ્રીની સંબંધિત કચેરી દ્વારા આપના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. તે માટે આપે આપને લાગુ પડતી કચેરીમાંથી માહિતી મેળવવાની રહેશે.

**કચેરીનાં સરનામાં નીચે મુજબ છે.**

- **SC (અનુસૂચિત જાતિ) કચેરીનું સરનામું**
  નાયબ નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણની કચેરી, બ્લોક-A, 10મો માળ, બહુમાળી ભવન, અપના બઝાર, લાલદરવાજા, ફોન નં-079-25501123.
  ઈ-મેઈલ .આઈ.ડી.- dbcwo-ahd@gujarat.gov.in
- **ST(અનુસૂચિત જનજાતિ) કચેરીનું સરનામું**
  મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બ્લોક-A, 6ટ્ઠો માળ, બહુમાળી ભવન, અપના બઝાર, લાલ દરવાજા, અમદાવાદ.
  ફોન નં-079-25510126, ઈ-મેઈલ .આઈ.ડી. vo-tdd-ahd@gujarat.gov.in
- **SEBC(સામાજિક અને શૈક્ષિણક રીતે પછાત વર્ગ)(OBC,DNT,P.M.યશસ્વી)કચેરીનું સરનામું**
  જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી, ઈ-બ્લોક, પહેલો માળ, બહુમાળી ભવન, મંજુશ્રી મીલ કમ્પાઉન્ડમાં, ગીરધરનગર, અસારવા, અમદાવાદ. ફોન નં-079-29701120. ઈ-મેઈલ .આઈ.ડી. dydir-ddcw-ahm@gujarat.gov.in

▶ **આપે ભરેલ ઓનલાઈન શિષ્યવૃત્તિફોર્મ તથા યુનિવર્સિટી વિભાગમાં મોકલેલ હાર્ડકોપી ફોર્મ અંગે માહિતી-માર્ગદર્શન મેળવવા માટે યુનિવર્સિટીના શિષ્યવૃત્તિ વિભાગમાં ઈ-મેઈલ, તેમજ ટોલ ફ્રી ફોન નંબર દ્વારા માહિતી મેળવી શકો છો. શિષ્યવૃત્તિ વિભાગનો ઈ-મેઈલ .આઈ.ડી. scholarship@baou.edu.in ફોન નં-18002331020.**

▶ **ઈ-મેઈલ દ્વારા માહિતી મેળવવા માગો ત્યારે શિષ્યવૃત્તિ ફોર્મનો એપ્લીકેશન નંબર તથા નામ અવશ્ય દર્શાવાનું રહેશે. જ્યારે ફોન દ્વારા માહિતી મેળવવા માગો ત્યારે પણ શિષ્યવૃત્તિના ફોર્મનો એપ્લીકેશન નંબર તથા નામ અવશ્ય જણાવવું. (શિષ્યવૃત્તિના ફોર્મનો એપ્લીકેશન નં.આશરે 14 થી 15 આંકડાનો હોય છે. જે ફોર્મના જમણી બાજુ ઉપર બારકોડની ઉપર હોય છે.)**

▶ **વિદ્યાર્થી:- DGP પોર્ટલ પર શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે જો મને કોઈ તકનીકી સમસ્યાનો સામનો કરવો પડે તો મારે શું કરવું જોઈએ.**

- **જ :- તમે તરત જ DGP હેલ્પલાઈન નંબર 18002335500 પર કોલ કરી માહિતી મેળવી શકો છો.**

## 4. નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવા માટેની માહિતી

### વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)

▶ **શિષ્યવૃત્તિ ક્યા-ક્યા અભ્યાસક્રમમાં મળે ?**

• ગ્રેજ્યુએટ, માસ્ટર, ડીપ્લોમા, તેમજ P.G. ના કોર્ષ(અભ્યાસક્રમ), SP.B.Ed. તથા Ph.d. કક્ષાના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ મળે છે.

▶ **સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ મળે?**

• ના, શિષ્યવૃત્તિ સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમમાં ન મળે.

▶ **નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં કઈ કેટેગરીના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનું ફોર્મ ભરી શકે?**

• Disable, Minority કેટેગરીના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનું ફોર્મ ભરી શકે.

▶ **શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે શું કરવું?**

• શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે આપે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ઓનલાઈન શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું.

▶ **નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ક્યારે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાનું હોય છે?**

• આપ જ્યારે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવો, આપનો પ્રવેશ કન્ફર્મ થઇ જાય, ત્યારબાદ આપે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું.

▶ **નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ક્યારે ખુલે છે?**

• તે માટે આપે www.scholarships.gov.inની વેબસાઈટ ચેક કરતાં રહેવું/આપના અભ્યાસકેન્દ્રની મુલાકાત લેવી.

▶ **નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ફ્રેશ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનું ફોર્મ કેવી રીતે ભરવું?**

▶ ફ્રેશ વિદ્યાર્થીએ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે, તે માટે https://scholarships.gov.in ની સાઈટ ઓપન કરવી અથવા મોબાઈલ એપ National scholarships portal (NSP) ઓપન કરવી.

▶ **નેશનલ સ્કોલરશીપ પોર્ટલ હેઠળ ઓનલાઈન એપ્લાય કરવાની પ્રક્રિયા:**

- સ્ટેપ-1. વેબસાઈટ https://scholarships.gov.in પર જાઓ.
- સ્ટેપ-2. New Registration Button પર ક્લીક કરો.




- સ્ટેપ-3. નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર રજિસ્ટ્રેશન માટેની માર્ગદર્શિકા પર જાઓ અને ધ્યાનપૂર્વક વાંચો.
- સ્ટેપ-4. માર્ગદર્શિકા વાંચ્યા પછી "Check Box" પર ક્લીક કરો અને "Continue" બટન પર ક્લીક કરો.
- સ્ટેપ-5. Personal Data ભરવાની વિનતી કરતું New Page દેખાશે.
- સ્ટેપ-6. આધારસંમતિ, બેંક એકાઉન્ટ અને ચેક બોકસ પર ક્લીક કરો

- સ્ટેપ-7. બધી જરૂરી વિગતો દાખલ કર્યા પછી રજિસ્ટર બટન પર ક્લીક કરો.
- સ્ટેપ-8. Registration ID દેખાશે. જેની નોંધ કરી રાખો. જે આગળના સંદર્ભ અને શિષ્યવૃત્તિની પૂછપરછ (માહિતી મેળવવા) માટે કામ લાગશે.
- સ્ટેપ-9. “ Continue” બટન પર ક્લીક કરો. તે તમને લોગીન પૃષ્ઠ પર લઈ જશે.
- સ્ટેપ-10. નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં લોગ ઈન કરવા માટેનું લોગીન આઈ.ડી.,પાસવર્ડ તમારું રહેશે. ઉ.દા. એપ્લીકેશન આઈ.ડી. તમારી જન્મતારીખ,વર્ષ.
- સ્ટેપ-11. લોગીન કર્યા પછી વિદ્યાર્થીને રજીસ્ટર્ડ મોબાઈલ અને ઈ-મેઈલ આઈ.ડી. પર 5 અંકનો OTP મળશે.
- સ્ટેપ-12. OTP કન્ફ્રોર્મ કરો. જે તમને પાસવર્ડ બદલો પેજ પર લઈ જશે/ પેજ પર આપેલ સૂચના મુજબ પાસવર્ડ બદલો.
- સ્ટેપ-13. એપ્લીકેશન ફોર્મ બટન પર ક્લીક કરો અને નીચેની વિગતો દાખલ કરો.
- સામાન્ય માહિતી.
- શૈક્ષણિક વિગતો.
- અન્ય વિગતો.












- સ્ટેપ-14. ઉપરની વિગતો દાખલ કર્યા પછી “Save & Continue” બટન પર ક્લીક કરો.
- સ્ટેપ-15. અરજીકર્તાને “Contact Details Scheme Details” માટે આગલું પેજ જોવા નિર્દેશિત કરવામાં આવે છે.

  તમારી સંપર્ક વિગતો દાખલ કરો.

  વિદ્યાર્થીની પાત્રતાના માપદંડના આધારે યોજનાઓ દર્શાવવામાં આવશે.

  પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ માટે Minority (લઘુમતી) CS પસંદ કરો.

  Post Matric Courses ની યાદી માટે ક્લીક કરો.

  Merit Cum Means Scholarship Schemes Mionrity (લઘુમતી) CS પસંદ કરો.

  Merit Cum Means કોર્ષ માટે MCM (ટોચના વર્ગ) અભ્યાસક્રમોની યાદી માટે અહીં ક્લીક કરો.

  (Including Listed Institute)

Scheme પસંદ કર્યા પછી, તે જ પૃષ્ઠ પર ડોક્યુમેન્ટ અપલોડ કરો.
છેલ્લે સબમીટ  કરતાં પહેલા તમારી બધી એન્ટ્રીઓ અને અપલોડ કરેલા ડોક્યુમેન્ટ ફરીથી તપાસો. કારણકે એકવાર સબમીટ કર્યા પછી તેમાં સુધારો કરવા કે ઉમેરો કરવા કે ફેરફાર કરવા માટેની જોગવાઈ રહેશે નહીં.

- સ્ટેપ-16. ફાઈનલ સબમીટ પર ક્લીક કરો. પ્રિન્ટ બટન પર ક્લીક કરીને ભરેલ ફોર્મની પ્રિન્ટ લો.
- સ્ટેપ-17. પ્રિન્ટ લીધેલ ફોર્મની સાથે જરૂરી તમામ ડોક્યુમેન્ટ જોડી યુનિવર્સિટીના સરનામે, ટપાલ/રૂબરૂમાં જમા કરાવવું. જો ટપાલથી મોકલો તો કવર પર શિષ્યવૃત્તિ વિભાગ અચૂક લખવું.

▶ નોંધ:- વિદ્યાર્થીઓ દ્વારા ખોટી માહિતી દર્શાવવી કે ખોટા સાધનિક પુરાવા(ડોક્યુમેન્ટ) રજૂ કરવામાં આવતા હોય છે. આવી ખોટી માહિતી કે દસ્તાવેજ રજૂ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મળતા લાભ રદ થવા પાત્ર છે.

▶ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર”રીન્યુઅલ” વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનું ફોર્મ કેવી રીતે ભરવું?

“રીન્યુઅલ” વિદ્યાર્થીઓએ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે , તે માટે https://scholarships.gov.in ની સાઈટ ઓપન કરવી અથવા મોબાઈલ એપ National scholarships portal (NSP) ઓપન કરવી.

▶ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ હેઠળ ઓનલાઈન એપ્લાય કરવાની પક્રિયા.

- સ્ટેપ-1. વેબસાઈટ https://scholarships.gov.in પર જાઓ.
- સ્ટેપ-2. લોગીન બટન પર ક્લીક કરો અને Renewal Application પસંદ કરો.




- સ્ટેપ-3. વિદ્યાર્થીઓએ ગયા વર્ષના NSP Application આઈ.ડી. અને પાસવર્ડ દ્વારા લોગીન કરવું પડશે.
- સ્ટેપ-4. લોગીન કર્યા બાદ તમને વિદ્યાર્થીના હોમપેજ પર લઈ જવામાં આવશે.
- સ્ટેપ-5. પૂર્વે ભરેલી (ગયા વર્ષે ભરેલી) માહિતી (Pre Filled Information) બટન પર ક્લીક કરો અને તમારું છેલ્લું વર્ષ તપાસો.
- સ્ટેપ-6. Apply for Renewal પર ક્લીક કરો અને નીચે Renewal વિગતો દાખલ કરો.

- સ્ટેપ-7. તેમાં તમારા દસ્તાવેજો અપલોડ કરો.
  છેલ્લે સબમીટ  કરતાં પહેલા તમારી બધી એન્ટ્રીઓ અને અપલોડ કરેલા ડોક્યુમેન્ટ ફરીથી તપાસો. કારણકે એકવાર સબમીટ કર્યા પછી તેમાં સુધારો કરવા કે ઉમેરો કરવા કે ફેરફાર કરવા માટેની જોગવાઈ રહેશે નહી.
- સ્ટેપ-8. ફાઈનલ સબમીટ પર ક્લીક કરો. પ્રિન્ટ બટન પર ક્લીક કરીને ભરેલ ફોર્મની પ્રિન્ટ લો.
- સ્ટેપ-9. પ્રિન્ટ લીધેલ ફોર્મની સાથે જરૂરી તમામ ડોક્યુમેન્ટ જોડી, યુનિવર્સિટીના સરનામે, ટપાલ/રૂબરૂમાં જમા કરાવવું. જો ટપાલથી મોકલો તો કવર પર શિષ્યવૃત્તિ વિભાગ અચૂક લખવું.

▶ **શિષ્યવૃત્તિના ફોર્મમાં કયાં-કયાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા?**

શિષ્યવૃત્તિના ફોર્મમાં નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવા.

- ગુજરાત રાજ્યના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટિફિકેટ/રેશનકાર્ડ/લાઈટબીલ) ફરજિયાત.
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો/સ્વપ્રમાણિત નકલ. (ફરજિયાત) ઉપરોક્ત વેબસાઈટ નં-2માં આપેલ નમૂના પ્રમાણે.
- નવા(ફ્રેશ) અને જૂના(રીન્યુઅલ) વિદ્યાર્થીઓએ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની નકલ.(ફરજિયાત)
- વિદ્યાર્થી એ જે વર્ષ માટે શિષ્યવૃતિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફીની પહોંચની ખરી નકલ.(ફરજિયાત)
- આધારકાર્ડ, આઈકાર્ડ (ફરજિયાત).
- યુનિવર્સિટી દ્વારા મેળવેલ યુનિવર્સિટીના સક્ષમ અધિકારીના સહી-સિક્કાવાળું બોનાફાઈડ સર્ટિફિકેટ(ફરજિયાત).
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો સહી-સિક્કાવાળો આવકનો દાખલો. (ફરજિયાત).




◆ **આવકના દાખલા અંગેની માહિતી**

▶ **આવકનો દાખલો કોનો મૂકવો ?**

આવકનો દાખલો પિતાના નામનો, સક્ષમ અધિકારીશ્રી.(મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારી/તલાટી કમ મંત્રીશ્રીનો/નગર પાલિકાના પ્રમુખશ્રી)નો સહી-સિક્કા વાળો  મૂકવો

▶ **જો પિતા હયાત ન હોયતો કોના નામનો આવકનો દાખલો મૂકવો?**

જો પિતા હયાત ન હોય તો માતાના નામનો આવકનો દાખલો મૂકવો તેમજ પિતાના મરણનું પ્રમાણપત્ર મૂકવું.

- જો પિતા ગુમ થયેલ હોય તો શું કરવું ?

  જો પિતા ગુમ થયેલ હોય તો વિદ્યાર્થીએ માતાનો આવકનો દાખલો મુકવોં તેમજ પોલીસ સ્ટેશનની ફરિયાદ નોંધણી કરેલ રીપોર્ટની કોપી અપલોડ કરી મૂકવી.

- જો પિતા નિવૃત હોય તો શું કરવું ?

  જો પિતા નિવૃત હોય તો પેન્શન સ્લીપ મૂકવી.

- જો પિતા અશક્ત હોય અને વિદ્યાર્થી પોતે રોજગારી મેળવતા હોય તો ?

  જો પિતા અશક્ત હોય અને વિદ્યાર્થી પોતે કમાતો હોય તો તેણે પોતાના નામનો આવકનો દાખલો મૂકવો સાથે પોતાના નામનું અલગ કઢાવેલ રેશનકાર્ડ મૂકવું.

- હું બહેન/સ્ત્રી છું. મારા લગ્ન થયેલ છે. તો મારે કોના નામનો આવકનો દાખલો મૂકવો?
- જો વિદ્યાર્થી બહેન હોય અને લગ્ન થયેલ હોય તો આવકનો દાખલો પતિ/સસરાના નામનો મૂકવો તેમજ સાથે લગ્નનું પ્રમાણપત્ર મૂકવું.
- જો પિતા સરકારી/પ્રાઈવેટ નોકરી કરતા હોય અને આવક વધુ હોય તો શું કરવું?

  જો વિદ્યાર્થીના પિતા સરકારી નોકરી કરતા હોય તો ફોર્મ નં-16(PART-B) અને પ્રાઈવેટ નોકરી કરતા હોય, પરંતુ વધુ આવક હોય તો ફોર્મ નં-16(PART-A & PART-B)ના તમામ પાના અપલોડ કરી મૂકવા.

- કેટલી આવક મર્યાદા સુધી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરી શકાય ?
- વિદ્યાર્થીને લાગુ પડતી યોજનાનો અભ્યાસ National portal પર કરી સંબંધિત કેટેગરી પ્રમાણે પોતાની આવક મર્યાદા જાણી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું.
- વિદ્યાર્થીના બેંકની પાસબુકની નકલ. (ફરજિયાત)

### ◆ બેંકની વિગત અંગેની માહિતી

- શિષ્યવૃત્તિ ફોર્મમાં બેંક ખાતાની વિગત કેવી રીતે દર્શાવવી ?
  - જ :- શિષ્યવૃત્તિ ફોર્મમાં વિદ્યાર્થીના આધારકાર્ડ સાથે લીંક હોય તેવા બેંક ખાતાની વિગત દર્શાવવી.
- વધુમાં આપને જણાવવાનું કે, આધાર-કાર્ડ માટે આપે આપની બેંકમાં રૂબરૂ સંપર્ક કરી નીચે મુજબની પ્રક્રિયા કરાવવી.
- NPCI મેપરમાં આધાર નંબર સીડ કરવા માટે બેંકો કઈ પક્રિયાને અનુસરે છે?

  1. બેંક અધિકારીઓ પહેલાં ગ્રાહક દ્વારા સબમીટ કરેલા દસ્તાવેજોની ચકાસણી કરે છે, પૂર્ણ દસ્તાવેજો મેળવ્યા પછી જ તેઓ આગળની પક્રિયા માટે આગળ વધશે.

  2. Seeding પૂર્ણ કરવા માટે  બેંકોએ નીચેના બે પગલાં ભરવા પડશે.

  a. આધાર નંબરને કોર બેંકીગ અને અન્ય આંતરિક સિસ્ટમમાં ગ્રાહક ખાતા સાથે લિંક કરો.

  b. NPCI મેપરમાં આધાર નંબર અપલોડ કરવો. જો પગલું b પૂર્ણ ન થાય તો આધાર નંબર NPCI મેપરમાં પ્રતિબીબિત થશે નહિં. (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર)ની પ્રક્રિયા કરાવવી. જેથી શિષ્યવૃત્તિની રકમ સરળતાથી આપના બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ શકે.

- સદર બાબતે આપને જણાવવાનું કે આધાર કાર્ડ અંગેની ઉપરોક્ત દર્શાવેલ પ્રક્રિયા આપના દ્વારા પૂર્ણ કરવામાં નહીં આવે તો શિષ્યવૃત્તિની રકમ આપના બેંક ખાતામાં જમા થશે નહીં તો તેની સંપૂર્ણ જવાબદારી આપની પોતાની રહેશે,  જે આપની જાણ સારું.
- આમ ઉપરોકત પક્રિયા પૂર્ણ કર્યા બાદ આપની બેંકની વિગત ભરવી.
- વિદ્યાર્થી- મારી આવક રૂ.50,000/- (અંકે રૂ. પચાસ હજાર)થી ઓછી છે. તો મારે નિયમાનુસાર ડોક્યુમેન્ટ અપલોડ કરવા ફરજિયાત છે?

- જવાબ:- હા, જે વિદ્યાર્થીઓની આવક રૂ.50,000/- (અંકે રૂ. પચાસ હજાર)થી ઓછી હોય તેવા (પ્રિ-મેટ્રીક-પોસ્ટ-મેટ્રીક)ના વિદ્યાર્થીઓએ ફરજિયાત સાધનિક પુરાવા અપલોડ કરવાના હોય છે. તેમજ સાધનિક પુરાવા સાથે શિષ્યવૃત્તિનું ફોર્મ ફરજિયાત હાર્ડકોપીમાં યુનિવર્સિટીમાં જમા કરાવવાનું હોય છે.

▶ વિદ્યાર્થી:- બોનાફાઈડસર્ટિફિકેટ નો નમૂનો ક્યાંથી અને કેવી રીતે મેળવવો?

- જવાબ:- વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનું ફોર્મ ભરતી વખતે જયારે Scheme Detailsમાં આપેલ કોઈપણ એક Scheme Select કરે છે, ત્યારે અપલોડ ડોક્યુમેન્ટમાં Bonafide student of Institution માં આપેલા ડાઉનલોડ ઓપ્શન પર ક્લીક કરવાથી Bonafide student Certificate ડાઉનલોડ થશે. જેની પ્રિન્ટ લઈ તેમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી, યુનિવર્સિટીના પ્રવેશ વિભાગના અધિકારીના સહી-સિક્કા કરાવી, અપલોડ કરવું. (ફરજિયાત).

▶ તમારા શિષ્યવૃત્તિ ફોર્મમાં નિયમાનુસાર ચકાસણી કરતાં જો કોઈ ક્વૅરી હશે તો તમારું શિષ્યવૃત્તિનું ફોર્મ ઓનલાઈન રીટર્ન કરવામાં આવે છે.

▶ તમારે તમારું શિષ્યવૃત્તિનું ફોર્મ યુનિવર્સિટીમાં મોકલ્યાના 15 દિવસ પછી તમારું પોર્ટલ ચેક કરવું. જેથી તમને ખબર પડે કે, ફોર્મ એપ્રુવ થયેલ છે કે કોઈ ક્વેરી છે.

▶ તમારા શિષ્યવૃત્તિના ફોર્મમાં જે કોઈ ક્વેરી હોય તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી, ક્વેરી સોલ્વ કરીને ફાઈનલ સબમીટ આપવું.

▶ બોનાફાઈડ સર્ટિફિકેટમાં તમારા અભ્યાસકેન્દ્રના સહી-સિક્કા ચાલશે નહીં. યુનિવર્સિટીના પ્રવેશ વિભાગના અધિકારીના સહી-સિક્કાવાળું જ બોનાફાઈડ સર્ટિફિકેટ અપલોડ કરવું.

▶ આવકનો દાખલો ચાલુ વર્ષનો અપલોડ કરવો.

▶ વિદ્યાર્થી:- NSP પોર્ટલ પર શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે જો મને કોઈ તકનીકી સમસ્યાનો સામનો કરવો પડે તો મારે શું કરવું જોઈએ.

- જવાબ:- તમે તરત જ https://scholarships.gov.in/fresh/complaintspage લિંક દ્વારા અથવા ફરિયાદો ઍક્સેસ કરીને તમારી ફરિયાદ નોંધાવી શકો છો -> NSP વેબસાઇટના હોમ પેજ પર ફરિયાદો નોંધાવો અથવા હેલ્પલાઈન નંબર 0120-6619540 પર કૉલ કરો અથવા મેલ મોકલી શકો છો. ઈ-મેઈલ આઈડી: helpdesk@nsp.gov.in

# EVENTS AT BAOU




























# EVENTS AT BAOU























# વેબસાઈટ ઉપર ઉપલબ્ધ યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો વિષયક માહિતી મેળવવાનું માર્ગદર્શન




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ (https://baou.edu.in/) ઓપન કરવા માટે કોઈપણ બ્રાઉઝરના એડ્રેસબારમાં આ મુજબ હોમપેજ ઓપન થાય છે.




હોમપેજની જમણી બાજુ Student Corner પર ક્લિક કરી Learner Support Centresના બટન પર ક્લિક કરતા અભ્યાસકેન્દ્રો વિશેની માહિતી મળી શકશે . જેમાં કોર્સ / શહેર પસંદ કરી જે તે સેન્ટર અંગે માહિતી મેળવી શકાય છે .

અભ્યાસકેન્દ્રની વિગતો માટેની લિંક: https://baou.edu.in/learner-support-centers




DR. BABASAHEB AMBEDKAR
**OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)

'JYOTIRMAY' Parisar
Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej- Gandhinagar Highway,
Chharodi, Ahmedabad,
Gujarat, Bharat, 382 481

Phone
079 29796223, 24, 25
02717 297170

E-mail
Info@baou.edu.in

Toll Free No.
1800 233 1020

**www.baou.edu.in**